OCR
Oxford Cambridge and RSA

# Friday 5 June 2015 – Afternoon

## AS GCE GUJARATI

**F883/01** Listening, Reading and Writing 1

Candidates answer on the Question Paper.

**OCR supplied materials:**
- Special Sheet (inserted)
- CD

**Other materials required:**
None

**Duration:** 2 hours 30 minutes

| Candidate forename | | Candidate surname | |
|---|---|---|---|

| Centre number | | | | | | Candidate number | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

**INSTRUCTIONS TO CANDIDATES**

- The Special Sheet will be found inside this document.
- Write your name, centre number and candidate number in the boxes above. Please write clearly and in capital letters.
- Use black ink.
- Answer **all** the questions.
- Read each question carefully. Make sure you know what you have to do before starting your answer.
- Write your answer to each question in the space provided. If additional space is required, you should use the lined pages at the end of this booklet. The question number(s) must be clearly shown.
- Do **not** write in the bar codes.

**INFORMATION FOR CANDIDATES**

- The number of marks is given in brackets **[ ]** at the end of each question or part question.
- The total number of marks for this paper is **160**.
- There are two sections in this paper.
  **SECTION A: 60 Marks Listening and Writing**
  **SECTION B: 100 Marks Reading and Writing**
- Dictionaries are **not** allowed.
- This document consists of **20** pages. Any blank pages are indicated.

© OCR 2015 [H/500/8403]
DC (ST) 104129/5
OCR is an exempt Charity

## SECTION A – Listening and Writing

*Recommended time for Section A: 1 hour*

**સવાલ ૧: શ્રવણ** **[૧૨ ગુણ]**

**દૂધ – ગુજરાતી આહારનું આવશ્યક અંગ**

**અ) નીચે આપેલા વાક્યોના નંબર જે ખાના માટે સાચા હોય તેમાં લખો.**

**દૂધની આ વાનગીઓ કેવી રીતે બને છે?**

| ક | ખ | ગ | ઘ |
|---|---|---|---|
| પનીર | બરફી | શરબત | દહીં |
| | | | |

૧ દૂધને ઘણું ઉકાળી તેને એકદમ ઘટ્ટ કરીને

૨ એકદમ ગરમ કરેલા દૂધમાં લીબુંનો રસ નાખીને

૩ મસાલાવાળું દૂધનું ઠંડું મિશ્રણ બનાવો

૪ સહેજ ગરમ દૂધમાં મેળવણ ભેળવીને

૫ ઉકાળતા દૂધમાં બદામ-પિસ્તાં ઊમેરીને **[૪]**

**બ) આપેલી વિગત પ્રમાણે સાચા જવાબ આગળ ખાનામાં ચિહ્ન (✓) કરો.**

(ચ) ભારતીય રેસ્ટોરાંમાં જમનારાઓ પીવા માટે ...

ક ...ચા પસંદ કરે છે. ☐

ખ ...દૂધ પસંદ કરે છે. ☐

ગ ...લસ્સી પસંદ કરે છે. ☐

© OCR 2015

**(છ)** પરેજી પાળતા કેટલાક  લોકો તેમના આહારમાં ...

- ક …દૂધનો સમાવેશ કરતા નથી. ☐
- ખ …શાકભાજીનો સમાવેશ કરતા નથી. ☐
- ગ …માંસનો સમાવેશ કરતા નથી. ☐

**(જ)** કેટલાક લોકોને દૂધ ...

- ક …મળતું નથી. ☐
- ખ …માફક આવતું નથી. ☐
- ગ …ભાવતું નથી. ☐

**(ઝ)** કેટલાક ગુજરાતી લોકો દૂધ પીવાનું તેમના ...

- ક …સંતાનોના લગ્ન વખતે રાખે છે. ☐
- ખ …સંતાનોની સગાઈ વખતે રાખે છે. ☐
- ગ …સંતાનોના ખાસ જન્મદિવસે રાખે છે. ☐

**(ટ)** આ દૂધ ...

- ક ...સાદું જ ઉકાળી લેવામાં આવે છે. ☐
- ખ ...એકદમ ઠંડું કરીને આપવામાં આવે છે. ☐
- ગ ...કેસર અને સૂકા મેવાવાળું હોય છે. ☐

© OCR 2015

(ઠ) તે દૂધ...

ક ...ફક્ત વર અને કન્યાને અપાય છે. ☐

ખ ...બધા નિમંત્રિતોને અપાય છે. ☐

ગ ...બધાં બાળકોને અપાય છે. ☐

(ડ) રિવાજ પ્રમાણે છેલ્લે મહેમાનોમાં...

ક ... પેંડા વહેંચવામાં આવે છે. ☐

ખ ... દૂધનો ભૂકો વહેંચવામાં આવે છે. ☐

ગ ... માવો વહેંચવામાં આવે છે. ☐

(ઢ) આ ખાઈને સૌ નવા...

ક ... સંબંધમાં મીઠાશ ઊમેરે છે. ☐

ખ ... પ્રસંગને પ્રસન્નતાથી ભરે છે. ☐

ગ ...સંબંધને તાજો કરે છે. ☐

[૮]

© OCR 2015

**સવાલ ૨: શ્રવણ** **[૧૩ ગુણ ]**

**૨૦૧૦ની કોમનવેલ્થ રમતો**

**અહેવાલ સાંભળો અને ખાનામાં આપેલા શબ્દોમાંથી સાચો શબ્દ ફકરામાં લખીને ખાલી જગ્યા પૂરો.**

**ચેતવણી: ખાલી જગ્યાઓ કરતાં વધારે શબ્દો આપેલા છે. દરેક શબ્દ ફક્ત એક જ વખત વાપરો.**

| | | | | |
|---|---|---|---|---|
| આનંદ | આભારી | આરામ | આવક | આળસ |
| ઊણપ | કરતાં | કસરત | કારણે | ખર્ચ |
| ઘણી | ચળવળ | જાગૃત્તિ | જીવનમાં | દોડવાની |
| નકારાત્મક | ફટકો | મનમાં | મુસીબતો | વિચાર |
| શરૂઆતનો | સિવાય | સુવિધાઓ | હકારાત્મક | હરીફાઈઓનો |

૨૦૧૦ની કોમનવેલ્થ રમતગમતો જે ભારતમાં રમવામાં આવી હતી તેમાં ......................... હરીફાઈઓ હતી. આના પહેલાં યોજવામાં આવનાર આવા કોઈ પણ કાર્યક્રમ (ખ) ......................... આ કાર્યક્રમ વધારે મોટો હતો. પ્રચાર માધ્યમોએ આપેલાં કાર્યક્રમ પહેલાંના (ગ) ......................... સમાચારોમાં તેમણે ભારતમાં સ્વચ્છતાની (ઘ) ......................... અને બીજી (ચ) ......................... વિશેની વાતો આખા જગતને કહી હતી. પણ રમતગમતની (છ) ......................... કાર્યક્રમ રજૂ થયો ત્યારથી સૌના (જ)......................... ભારત માટે એક સરસ ચિત્ર ચીતરાવા લાગ્યું. જો કે ભારતના કેટલાક લોકોને (ઝ)......................... થતો, કે ભારત આવડો મોટો (ટ) ......................... કેવી રીતે સહન કરી શકે. તેઓને થતું કે આમ રમતગમતમાં પૈસા વેડફી નાખવા કરતાં દેશની (ઠ) ......................... વધારી હોત તો સારું હતું. લોકોના વિચારો ભલે ભિન્ન ભિન્ન હોય પણ એ વાત તો ખરેખર સાચી જ છે કે રમતગમતોને (ડ) ......................... ભારતના ઘણા લોકોમાં તંદુરસ્તી વિશે (ઢ) ......................... આવી છે અને તેઓ પણ (ણ) ......................... કરતા થયા છે.

© OCR 2015

**Task 3: Listening**

**Shopping – a pleasure or a bore?**

**Listen to the recording and answer the following questions IN ENGLISH.**

**[15 marks]**

**(a)** Where did Kamal spend his Saturday morning?

............................................................................................................................................. **[1]**

**(b)** What was Kamal's plan for that afternoon?

............................................................................................................................................. **[1]**

**(c)** What in fact did he have to do?

............................................................................................................................................. **[1]**

**(d)** Why could Kamal's father not go?

............................................................................................................................................. **[1]**

**(e)** What suggestion did Kamal make to his mother?

............................................................................................................................................. **[1]**

**(f)** Why did Kamal's mum not want to shop at the Indian shop on a Sunday?

............................................................................................................................................. **[1]**

**(g)** Give **three** examples of how Kamal could get hurt in the crowded shop.

**(i)** ..................................................................................................................................... **[1]**

**(ii)** ..................................................................................................................................... **[1]**

**(iii)** ..................................................................................................................................... **[1]**

**h)** **(i)** How did Kamal's mother respond to his excuses?

............................................................................................................................................. **[1]**

**(ii)** Why is Kamal reluctant to follow her suggestion?

............................................................................................................................................. **[1]**

© OCR 2015

**(i)** Give **three** reasons why Kamal's mother takes longer buying Indian vegetables.

**(i)** ........................................................................................................................ **[1]**

**(ii)** ........................................................................................................................ **[1]**

**(iii)** ........................................................................................................................ **[1]**

**(j)** How does Kamal's father relax when he shops with his wife?

........................................................................................................................ **[1]**

© OCR 2015

**Task 4: Writing**

**Your friend is travelling to Jamnagar to see his uncle. He wants to send an email in Gujarati to his uncle. He has written an email in English and has asked you to put it into Gujarati.**

**You do not have to translate word for word but you should include all the information.**

**[10 marks for Communication + 10 marks for Quality of Language]**

- I had a good time in the village when I came to see you last year.
- I am looking forward to helping you again in the mango farm.
- Will my aunt be able to take me shopping in Jamnagar?
- My mother would like some silk saris from there.
- May I also visit the villages around Jamnagar, please?

© OCR 2015

પૂજ્ય કાકા,

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

વંદન

© OCR 2015

## SECTION B – Reading and Writing

*Recommended time for Section B: 1 hour 30 minutes*

**સવાલ ૫: વાંચન**

**નીચે આપેલો વાર્તાલાપ વાંચી સવાલોના જવાબ લખો.**

**તમારું કામ સહેલું કરવા માટે નીચેના વાર્તાલાપની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.**

**ભારતમાં વાહનવ્યવહાર**

**શમા:** નાતાલ વખતે મુંબઈથી કચ્છ સુધીની અમારી મુસાફરી તો રેલગાડીમાં જ. અમે આગોતરી પહેલા વર્ગની ટિકિટ નોંધાવી લીધી હોય. કેબિનમાં રાત્રે સૂવાની સગવડ હોય એટલે મુસાફરીનો થાક પણ ન લાગે. રેલગાડી મથકમાં પ્રવેશે એટલે પ્લેટફોર્મ પરની દોડાદોડી, ફેરિયાઓની બૂમો, અને તળાતી વાનગીઓની સુગંધ આપણા મસ્તકને ભરી દે જે મને ખૂબ ગમે.

**સાજન:** હું રેલગાડીના બીજા વર્ગમાં જ મુસાફરી કરું કેમ કે તેમાં ઉતારૂઓ સાથે વાત કરીને ગુજરાતની રીતભાત જાણવાની મજા પડે. હું પણ મારી ટિકિટ પહેલેથી નોંધાવી લઉં એટલે થોડે પૈસે ઘણું ફરી શકું. પહેલા વર્ગની ટિકિટ મને બહુ મોંઘી લાગે.

**બંસરી:** મારે ગુજરાતના શહેરમાં ફરવું હોય તો મારા ફોઈનો વિશ્વાસુ રિક્ષાવાળો આખો દિવસ મારી સેવામાં હાજર રહે. વળી એ મારાથી થોડોક જ મોટો એટલે મારો મિત્ર બનીને રહે. જ્યાં જવું હોય ત્યાં છેક બારણા સુધી મને લઈ જાય એ કેવું સરસ. બીજી ગાડીઓની વચ્ચેથી પોતાની રિક્ષા એવી તો સિફતથી પસાર કરી લે કે મને જરાય ડર ન લાગે.

**મુખ્તાર:** મને પણ રેલમથકોનો શોરબકોર આનંદથી માણવો ગમે, પણ મેં ગુજરાતની યાત્રા કરી ત્યારે મારા કાકાએ આખી બસ ભાડે રાખી હતી. અમારું આખું કુટુંબ આરામથી અમારા સમય અનુસાર મુસાફરી કરતાં અને રસ્તામાં આવતાં જોવાલયક સ્થળો જોવા બસ ઊભી રખાવતાં. સાથે લીધેલો નાસ્તો ખાતાં ખાતાં અને ગીતો ગાતાં ગાતાં ખૂબ મોજથી યાત્રા કરી.

**સકીના:** જાહેર બસની યાત્રા પણ સારી હોય શકે. હવે તો ગુજરાતના રસ્તાઓ પણ ખૂબ સલામત થયા છે એટલે બસની મુસાફરીમાં ડર ન લાગે. વળી હવે તો બસમાં પણ રાત્રે સૂવાની સગવડ મળે છે. તેમ છતાં તમે હંમેશાં આરામથી મુસાફરી ન કરી શકો. ક્યારેક બેસવાની જગ્યા પણ ન મળે અને બસ આપણને મથક પર ઉતારી દે પછી આપણે જે સ્થળો જોવા હોય ત્યાં પહોંચવા માટે બીજું વાહન કરવું પડે. ખાનગી બસ હોય તો યાત્રા કરવાની વધારે મજા પડે.

© OCR 2015

સવાલ ૫ (અ)

**દરેક વાક્ય કોને લાગુ પડે છે?**

**દાખલા સિવાયના ફક્ત દસ યોગ્ય ખાનામાં ચિહ્ન ( ✓ ) મૂકો. જો દસથી વધારે ચિહ્ન ( ✓ ) મૂકશો તો તમે ગુણ ગુમાવશો.** **[૧૦ ગુણ]**

| સવાલ | | શમા | સાજન | બંસરી | મુખ્તાર | સકીના |
|---|---|---|---|---|---|---|
| દાખલો | ખાનગી બસમાં યાત્રા ખૂબ આનંદથી કરી શકાય. | | | | ✓ | ✓ |
| ક | મુસાફરો પાસેથી ગુજરાતના જીવન વિશે માહિતી મેળવે છે. | | | | | |
| ખ | વાહનના ચાલક સાથે મિત્રભાવ રાખે છે. | | | | | |
| ગ | રાતભર આરામ કરવાની સુવિધા મળી જાય. | | | | | |
| ઘ | મથકો પરનો ઘોંઘાટ ગમે છે. | | | | | |
| ચ | ઉપલા વર્ગની ટિકિટ પોસાતી નથી. | | | | | |
| છ | ખાનગી બસમાં જ્યારે અને જ્યાં થોભવું હોય ત્યાં થોભી શકાય છે. | | | | | |
| જ | જાહેર વાહનમાં મુસાફરી કરવાની બીક નથી લાગતી. | | | | | |

© OCR 2015

**સવાલ ૫ (બ)**

**નીચે આપેલા લેખનમાં ખાનામાં આપેલા શબ્દોમાંથી ઉપરના વાર્તાલાપ પ્રમાણે યોગ્ય શબ્દ અથવા શબ્દ સમૂહ શોધી ખાલી જગ્યા પૂરો.** **[૧૦ ગુણ]**

| | | | | |
|---|---|---|---|---|
| અઠવાડિયા | આગળ | આનંદથી | આરામદાયક | ઇરાદો |
| ઉતાવળથી | ઘોંઘાટભરી | ચાલવું | જાહેર | જૂની |
| દિવસ | નીચે | પ્રવૃત્તિ | બીજી રજાઓ લેવી | બીજું વાહન લેવું |
| મનાઈ | લાભ | વધારો | વ્યવસ્થા | સુધારો |

મુંબઈથી કચ્છ સુધીની રેલગાડીની મુસાફરી ઘણી **(ક)** ......................... લાગે છે કેમ કે તેમાં રાત્રે સૂવાની **(ખ)** ......................... હોય છે અને મથકો પરની **(ગ)** ......................... જોવી ગમે તેવી હોય છે. રેલગાડીના બીજા વર્ગમાં મુસાફરી કરીએ તો આપણને બીજા લોકો સાથે વાત કરવાનો **(ઘ)** ......................... મળે છે. એક જ શહેરમાં ફરવું હોય તો આખા **(ચ)** ......................... માટે રિક્ષા ભાડે રાખી શકાય છે. ખાનગી બસ ભાડે રાખીને આપણે જ્યાં જવું હોય ત્યાં **(છ)** ......................... સહકુટુંબ ફરવા જઈ શકાય. પણ **(જ)** ......................... બસમાં તો ઘણા બધા લોકો હોય એટલે જગ્યા માંડ મળે અને બસ આપણને મથક પર ઉતારી દે પછી **(ઝ)** ......................... જવા આપણે **(ટ)**......................... પડે. ગુજરાતના રસ્તાઓમાં ઘણો **(ઠ)** ......................... થયો છે એટલે હવે બસના પ્રવાસમાં ડર લાગતો નથી.

© OCR 2015

**સવાલ ૬: વાંચન**

**નીચે આપેલો લેખ વાંચી સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. સવાલોના જવાબ લેખમાંના લાંબાં કે આખાં વાક્યોની નકલ કર્યા વિના, બને ત્યાં સુધી, તમારા પોતાના જ શબ્દોમાં લખો.**

**[૨૦ ગુણ માહીતી માટે + ૧૦ ગુણ ભાષાની ગુણવત્તા માટે]**

**તમારું કામ સહેલું કરવા માટે નીચેના લેખની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.**

**નાનુકાકા અને ટપાલખાતું**

મને યાદ છે ત્યારથી નાનુકાકા અમારા નાનકડા ગામની ટપાલ એકાંતરે આપવા આવે છે. હું, રાજુ, નિશાળે ભણાવવા જતો હોઉં એ સમયે નાનુકાકા જેની ટપાલ હોય તેના આંગણામાં જઈ અને જેનો પત્ર હોય તેને લહેકો કરીને બોલાવે. ત્યારે ઘરનો પુરુષવર્ગ તો નોકરીએ કે ખેતરે જવા નીકળી ગયો હોય એટલે ઘરની ગૃહિણી હાથમાં ઠંડા પાણીનો કળશ લઈને બહાર આવીને, નાનુકાકાને ઘરની પાળી પર બેસાડીને પાણી આપે અને ટપાલ લે. પુરુષવર્ગ હજુ ઘેર હોય તો તેઓ આગ્રહ કરીને નાનુકાકાને ચાના બે ઘૂંટડા પીવડાવે અને ગામની નવાજૂનીની બે વાતો પણ કરે.

નાનુકાકા દસ વાગ્યાની આગગાડીમાંથી રેલમથકે ઊતરે અને પછી તેમના ટપાલખાતાના દફ્તરમાંની ટપાલ ચાલતા જ ગામમાં સૌને આપી આવે. પહેલી વખત સાયકલ દોડાવતા જોયા ત્યારે મેં એ વિશે પૂછ્યું, તો કહે, "રાજુસાહેબ, આજે વધારે ટપાલ ઊંચકવાની હતી અને ઘણે દૂર ટપાલ આપવા જવાનું હતું એટલે મારા પગને બદલે આ સાઈકલના પૈડાં ભલે ઘસાય." કોઈનું પોસ્ટકાર્ડ, કોઈનો પત્ર, કોઈનો તાર, તો વળી કોઈકનું સંપેતરું, એમ બધું ખૂબ ચોકસાઈથી, ભૂલચૂક વગર જેનું હોય તેને ઘેર પહોંચી જાય. આથી ગામલોકો તેમની ટપાલની બાબતે હંમેશાં નિશ્ચિંત રહેતા.

સૌની સાથે હસીને વાત કરતા નાનુકાકા થોડા દિવસોથી ગંભીર જણાતા હતા. તેઓ મારી ટપાલ આપવા આવ્યા ત્યારે મેં સહજતાથી એ વિશે પૂછ્યું તો કહે, "કંઈ જ નથી, રાજુસાહેબ." પણ એમ હું થોડો એ જવાબ માની લઉં? મારી પત્નીને બે કપ ચા બનાવવાનું કહી મેં નાનુકાકાને ચા માટેનું આમંત્રણ આપ્યું તો એમણે થોડી આનાકાની કરી. પણ પછી એક નિશ્વાસ નાખી, ચાના રસિયા નાનુકાકા, પાળી પર બેઠા. "ચાલો સાહેબ, જરા પોરો પણ ખાઈ લઉં." હું તેમની બાજુમાં ગોઠવાયો.
"કાકા, શું બાબત છે? કંઈ કહો તો ઉકેલ નીકળે."

"રાજુસાહેબ, શું કહું? આજે તો ઠેર ઠેર મોબાઈલ ફોન, કંપ્યૂટર વગેરે ઉપલબ્ધ છે પણ હવે તો આ ગામડાગામમાં પણ અડધા ઘરે એનો વસવાટ થઈ ગયો છે અને લગભગ લોકો એના દ્વારા પત્રવ્યવહાર કરતા થઈ ગયા છે. ટપાલખાતામાં કેટલાય લોકોને કામમાંથી રજા આપવાની વાત ચાલે છે. મેં જીવનમાં બસ આ જ કામ કર્યું છે. મને બીજું કંઈ આવડતું નથી. મારી પાસે બીજા કોઈ કામની તાલીમ નથી અને મારી ઉંમર મોટી થતી જાય છે. આ કામ જશે તો પછી હું કરીશ શું? બસ આ જ પરિસ્થિતિ મને સતાવે છે."

© OCR 2015

(ક) લેખકના ગામના લોકોને ટપાલ ક્યારે ક્યારે મળે છે?

........................................................................................................................ [૧]

(ખ) જેની ટપાલ હોય તેને ટપાલ પહોંચાડવાની નાનુકાકાની કઈ રીત હતી?

........................................................................................................................ [૧]

(ગ) ગામના પુરુષો આજીવિકા માટે શું શું કરતા હતા? **ત્રણ** વિગતો આપો.

........................................................................................................................ [૧]

(ઘ) ઘરની સ્ત્રીઓ નાનુકાકાનું સ્વાગત કેવી રીતે કરતી?

(૧) ........................................................................................................................ [૧]

(૨) ........................................................................................................................ [૧]

(ચ) પુરુષો ઘેર હોય ત્યારે કોઈક વખત નાનુકાકાને તેમની ફરજ બજાવવામાં વધારે સમય શા માટે લાગતો?

(૧) ........................................................................................................................ [૧]

(૨) ........................................................................................................................ [૧]

(છ) નાનુકાકા સામાન્ય રીતે ટપાલ આપવા કેવી રીતે આવતા?

........................................................................................................................ [૧]

(જ) ગામમાં ટપાલ આપવા માટે ક્યા સંજોગોમાં નાનુકાકા સાઈકલ વાપરતા?

(૧) ........................................................................................................................ [૧]

(૨) ........................................................................................................................ [૧]

(ઝ) નાનુકાકાના ટપાલખાતાના દફ્તરમાં કઈ કઈ જાતની ટપાલ આવતી? **ચાર** વિગતો આપો.

........................................................................................................................

........................................................................................................................ [૨]

© OCR 2015

**(ટ)** ગામના લોકોને તેમની ટપાલ મળશે કે નહિ એ બાબતે શા માટે કોઈ ચિંતા ન થતી?

........................................................................................................................ **[૧]**

........................................................................................................................ **[૧]**

**(ઠ)** નાનુકાકાની કઈ વાત પર રાજુને વિશ્વાસ ન આવ્યો?

........................................................................................................................ **[૧]**

**(ડ)** નાનુકાકા પાસેથી વાત જાણવા માટે રાજુએ કઈ યુક્તિ વાપરી?

........................................................................................................................ **[૧]**

(ઢ) ગામડામાં ટેક્નોલોજીએ પ્રવેશ કર્યો હતો એમ આપણે શાના પરથી કહી શકીએ?

........................................................................................................................ **[૧]**

(ણ) પોતાનું કામ જાય એ અંગે નાનુકાકાને શા માટે ચિંતા થાય છે? **ત્રણ** વગતો આપો. **[૧]**

........................................................................................................................ **[૧]**

........................................................................................................................ **[૧]**

© OCR 2015

**નીચેનો લેખ વાંચો અને બન્ને સવાલોના જવાબ <u>ગુજરાતીમાં</u> લખો. તમારે સવાલોના જવાબ લેખમાંના આખા વાક્યોની  નકલ કર્યા વિના લખવા જોઈએ. લેખમાંના એક સાથેના ક્રમવાર પાંચ કે તેથી વધારે શબ્દોનો ઉપયોગ કરશો તો ગુણ ગુમાવશો. તમને કુલ ૨૦૦ થી ૩૦૦ શબ્દોનો ઉપયોગ કરવાની ભલામણ કરીએ છીએ.**

**[લેખ વિશેની સમજણ: ૧૦ ગુણ]**

**[લેખ પ્રમાણેનો જવાબ: ૨૦ ગુણ]**

**[ભાષાની ગુણવત્તા: ૨૦ ગુણ]**

**[કુલ: ૫૦ ગુણ]**

**યુ.કે.માં શિક્ષણ**

રાહુલ કહે છે કે યુ.કે.નું શિક્ષણ એકંદરે સારું છે પણ કોઈ વખત અમુક નિશાળોમાં મુશ્કેલી ઊભી થાય છે. મોટાં ભાગનાં શિક્ષકો અને બાળકો સારી રીતે વર્તે છે અને ઘણી મહેનત કરે છે પણ ક્યારેક કોઈ વિદ્યાર્થી  બીજા વિદ્યાર્થીઓને કે શિક્ષકોને હેરાન કરતા હોય કે નિશાળમાં તોડફોડ કરતા હોય એવા બનાવ બની જાય છે. વિદ્યાર્થીઓ નિયમિત નિશાળે આવે તેની તકેદારી શિક્ષકો રાખે છે છતાં કોઈ કોઈ વિદ્યાર્થી  અડધા દિવસો નિશાળે આવતા નથી. તે ઉપરાંત ગુનેગારી માનસ ધરાવતા વિદ્યાર્થીઓને બદલવા માટે તેમના શિક્ષકો રાત-દિવસ મહેનત કરતા રહે છે. વિદ્યાર્થીઓના શરીર અને મન તંદુરસ્ત રહે તે વિશેનું જ્ઞાન તેમને આપવામાં આવે છે અને આ વિદ્યાર્થીને જીવનભર કામ આવે છે.

જાસ્મીન કહે છે કે નિશાળો પાસે હંમેશાં પૈસાની પણ તાણ હોય છે. ક્યારેક નાણાં ખોટી રીતે વેડફાઈ જાય છે. જે નિશાળોમાં ઓછા વિદ્યાર્થીઓ હોય છે તેમની પાસે પૈસા પણ ઓછા હોય છે. પણ જે નિશાળનું પરિણામ ઊંચું આવતું હોય ત્યાં જ પોતાનાં બાળકોને મોકલવા માતાપિતા રાજી હોય છે. આચાર્યોના પ્રયત્નોથી નીચું ધોરણ ધરાવતી કોઈ કોઈ નિશાળો ખરેખર સારાં પરિણામો લાવતી થાય છે. નિશાળમાં જે જે સારું થઈ રહ્યું છે તેને આધારે કોઈ પણ વિદ્યાર્થી સારું શિક્ષણ મેળવી શકે છે અને જીવનમાં કંઈક બની શકે છે.  એને માટે મોંઘીદાટ ખાનગી નિશાળમાં જવાની જરૂર નથી.

**સવાલ ૭.**

**અ. તમારે તમારો જવાબ ઉપરના લેખને આધારે લખવો જોઈએ. લગભગ ૧૦૦ શબ્દોમાં લખો.**

**યુ.કે.ના શિક્ષણ વિશેની વિગતો તમારા પોતાના શબ્દોમાં લખો.**

**બ. હવે લગભગ ૨૦૦ શબ્દોમાં તમારા પોતાના અભિપ્રાયો  આપો.**

“યુ.કે.ની નિશાળોનું શિક્ષણ કિશોરોને તેમનું જીવન સફળતાપૂર્વક જીવવા માટે તૈયાર કરે છે.” તમે સહમત થાઓ છો? તમારા કારણો આપો.

**સવાલ ૭.**

**અ. તમારે તમારો જવાબ ઉપરના લેખને આધારે લખવો જોઈએ. લગભગ ૧૦૦ શબ્દોમાં લખો.**

© OCR 2015

યુ.કે.ના શિક્ષણ વિશેની વિગતો તમારા પોતાના શબ્દોમાં લખો.

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

**બ. હવે લગભગ ૨૦૦ શબ્દોમાં તમારા પોતાના અભિપ્રાયો  આપો.**

© OCR 2015

"યુ.કે.ની નિશાળોનું શિક્ષણ કિશોરોને તેમનું જીવન સફળતાપૂર્વક જીવવા માટે તૈયાર કરે છે." તમે સહમત થાઓ છો? તમારાં કારણો આપો.

© OCR 2015

© OCR 2015

**PLEASE DO NOT WRITE ON THIS PAGE**

OCR
Oxford Cambridge and RSA

**Copyright Information**

OCR is committed to seeking permission to reproduce all third-party content that it uses in its assessment materials. OCR has attempted to identify and contact all copyright holders whose work is used in this paper. To avoid the issue of disclosure of answer-related information to candidates, all copyright acknowledgements are reproduced in the OCR Copyright Acknowledgements Booklet. This is produced for each series of examinations and is freely available to download from our public website (www.ocr.org.uk) after the live examination series.

If OCR has unwittingly failed to correctly acknowledge or clear any third-party content in this assessment material, OCR will be happy to correct its mistake at the earliest possible opportunity.

For queries or further information please contact the Copyright Team, First Floor, 9 Hills Road, Cambridge CB2 1GE.

OCR is part of the Cambridge Assessment Group; Cambridge Assessment is the brand name of University of Cambridge Local Examinations Syndicate (UCLES), which is itself a department of the University of Cambridge.

© OCR 2015